# ગાંધીનગરમાં દિવસભર હળવા ઝાપટા



વરસાદની સિઝનના આખરી દિવસોમાં વરસાદી ઝાપટાએ મોસમને આહલાદક બનાવી છે. ક્યારેક આકરો તડકો અને ક્યારેક વરસાદી ઝાપટા પડ્યા હતા. ઓગષ્ટ માસના અંતિમ દિવસોમાં વરસાદી ઝાપટાએ ગાંધીનગરના માર્ગોને ભીના બનાવ્યા છે. આકાશમાં અચાનક જ ક્યાંકથી વાદળો ઘેરાઈ આવે છે અને જોરદાર વરસાદી ઝાપટુ પડી જાય છે તે પછી થોડીક જ વારમાં તડકો નીકળે છે. આજે આખો દિવસ આવી જ રીતે વરસાદી ઝાપટા પડ્યા હતા. ક્યારેક તડકો અને ક્યારેક વરસાદથી ગૃહિણીઓને તકલીફ પડી હતી. તડકો જોઈ ઘરની બહાર સુકવવા રાખેલા કપડાં અચાનક વરસાદ વરસતા પલળી જતાં હતા. તડકાના કારણે મચ્છરોનો ઉપદ્રવ પણ ખુબ વધ્યો છે. મચ્છરોના કારણે ડેન્ગ્યુ, મેલેરીયા જેવો મચ્છરજન્ય રોગચાળો ફેલાયો છે. આ ઉપરાંત વાયરલ ઈન્ફેક્શનના કારણે તાવ, ગળાનો સોજો અને શરદી-ખાંસીના દર્દીઓ વધ્યા છે. (તસવીર : દિપક જાની)

# સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા પેન્શનર મીટનું આયોજન

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજના મંત્રી નિરંજનભાઈ ઓઝાએ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા તથા ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજના સહયોગથી પેન્શન મીટનું આયોજન કરવામાં આવેલ હતું તેમ જણાવેલ છે.

સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા અમદાવાદના જનરલ મેનેજમેન્ટ જૈના, ગાંધીનગરની મુખ્ય શાખાના આસી. જનરલ મેનેજર ગુપ્તા, ડૉ. પ્રજાપતિ, પેન્શન પ્રોસીસીંગ યુનિટના શાસ્ત્રી, યુનિયનના હોદ્દેદારો, પેન્શન સમાજના પદાધિકારીઓ કાર્યવાહીક સમિતિના સભ્યો પેન્શનર મિત્રો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

પેન્શનરોને પડતી મુશ્કેલી અંગેના મુદ્દાઓ રજૂ કર્યા હતા.

દરમાસના પહેલા બે દિવસોમાં પેન્શનરો મોટી સંખ્યામાં બેંકમાં આવતા હોય છે. બેંક ખુલ્યા પહેલાં ભીડ થાય છે. તો બહાર લાઈનમાં બેસી શકે તેવી વ્યવસ્થા કરવી જોઈએ. ભૂતકાળના અનુભવોને ધ્યાનમાં લઈને જરૂરી વ્યવસ્થા કરવી. બેંકના પહેલા માળે જવા માટે લીફ્ટની સગવડ કરવી જોઈએ. જેથી પેન્શનરો વયસ્કોને રાહત મળે. હયાતી પ્રમાણપત્ર માટે વધુ કોમ્પ્યુટરની સગવડ કરી ૧૫ થી ૨૦ મીનીટમાં નિકાલ થાય તેવું કરવું જોઈએ.

કાઉન્ટરો સામે લાઈનમાં ઉભા રહેવા કરતાં બેસવાની વ્યવસ્થા કરવી જોઈએ. બેંકમાં કાઉન્ટર પર પાર્ટીસન- આડાસ કરવી જરૂરી છે. જેથી લેવડ-દેવડ કરતાં પાકીટ ચોરો, ચીલ ઝડપ કરનારને માહિતગારના થઈ શકે. આ લેવડ-દેવડ વખતે એક જ વ્યક્તિ જાય તેમ વ્યવસ્થા કરવી જોઈએ. રૂા. ૧૦, ૫૦ની નોટો તથા પરચુરણ સિક્કા મળી રહે તેવી માંગણીઓ કરેલ હતી.

સ્ટેટ બેંકના આસી.મેનેજર ગુપ્તાએ રજૂ કરેલ મુદ્દાઓ અંગે યોગ્ય કરવા ખાત્રી આપી હતી. જાગૃત નાગરિક પરિષદના પ્રમુખ લવજીભાઈ વાડીઆ, વસાહત મંડળના પ્રમુખ અરૂણભાઈ બુચ, સુધીરભાઈ, મયુરભાઈ, કિશોરભાઈ જીકાદરા ઉપસ્થિત રહ્યા હતા. આભારવિધિ ડૉ. પ્રજાપતિએ કરી હતી.

# કલોલ-માણસા તાલુકામાં ૫ ગરીબ કલ્યાણ મેળામાં ૪૪,૫૨૪ લાભાર્થીઓને રૂ. ૮,૮૯૩.૨૭ લાખથી વધુની સહાય

કલોલ, તા. ૨૫

દરિદ્રનારાયણના ઘરે સુખની જયોત -જવલિત થાય તેવા ઉમદા આશયથી સમગ્ર રાજયમાં ગરીબ કલ્યાણ મેળાઓ યોજાઈ રહયાં છે. જે અંતર્ગત ગાંધીનગર જિલ્લાના માણસા-કલોલ તાલુકામાં વર્ષ-૨૦૧૦ થી આજ દિન સુધી કુલ-૫ ગરીબ કલ્યાણ મેળાઓ યોજાયા છે. આ પાંચ ગરીબ કલ્યાણ મેળા થકી માણસા તાલુકાના ૪૪,૫૨૪ લાભાર્થીઓને રૂપિયા ૮,૮૯૩.૨૭ લાખથી વધુની સાધન-સહાયનું વિતરણ કરવામાં આવ્યું છે. કલોલ તાલુકાના ૩૬,૯૬૮ લાભાર્થીઓને રૂપિયા ૪,૫૫૩.૬૭ લાખની વિવિધ યોજનાઓ અંતર્ગત સાધન-સહાયનું હાથોહાથ વિતરણ કરવામાં આવ્યું છે.

માણસા ખાતે આજના ગરીબ કલ્યાણ મેળા સહિત કુલ-૫ મેળાઓ યોજાયા છે. જેમાં વર્ષ-૨૦૧૦માં તા.૨ ફેબ્રુઆરી અને તા.૪ ઓગષ્ટના રોજ યોજાયેલ ગરીબ કલ્યાણ મેળામાં કુલ-૨૯,૯૮૬ લાભાર્થીઓને રૂપિયા-૬,૬૫૯.૪૦ લાખની સાધન-સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું. વર્ષ- ૨૦૧૧ માં તા.૧૦ નવેમ્બરના રોજ યોજાયેલ ગરીબ કલ્યાણ મેળામાં ૬,૬૨૧ લાભાર્થીઓને રૂપિયા ૯૬૦.૬૨ લાખની સહાય ચુકવવામાં આવી હતી. વર્ષ- ૨૦૧૨માં બે ગરીબ કલ્યાણ મેળાઓ યોજાયા હતા. જેમાં તા. ૧૩ એન્લિના રોજ ૬,૨૧૯ લાભાર્થીઓને રૂ.૭૨૮.૮૨ લાખની સહાય અને આજરોજ યોજાયેલ ગરીબ કલ્યાણ મેળામાં ૧૬૯૮ લાભાર્થીઓને રૂ.૫૪૪.૪૩ લાખની સાધન-સહાય, ચેકનું હાથોહાથ વિતરણ કરવામાં આવ્યું હતું.

કલોલ ખાતે પણ વર્ષ-૨૦૧૦ થી અત્યાર સુધી કુલ પાંચ ગરીબ કલ્યાણ મેળાઓ યોજાયા છે. જેમાં વર્ષ-૨૦૧૦માં તા. ૧૦ ફેબ્રુઆરી અને તા. ૮ ઓગષ્ટના રોજ યોજાયેલ ગરીબ કલ્યાણ મેળામાં કુલ-૧૪,૪૮૭ લાભાર્થીઓને રૂપિયા- ૨૪૫૮.૯૩ લાખની સાધન-સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું. વર્ષ- ૨૦૧૧ માં તા.૧૨ નવેમ્બરના રોજ યોજાયેલ ગરીબ કલ્યાણ મેળામાં ૧૨,૮૯૦ લાભાર્થીઓને રૂપિયા ૧૦૪૪.૧૫ લાખની સહાય ચુકવવામાં આવી હતી. વર્ષ- ૨૦૧૨માં બે ગરીબ કલ્યાણ મેળાઓ યોજાયા હતા. જેમાં તા. ૧૯ એન્લિના રોજ ૮૧૫૩ લાભાર્થીઓને ૮૦૦.૯૩ લાખની સહાય અને આજરોજ યોજાયેલ ગરીબ કલ્યાણ મેળામાં ૧૪૩૮ લાભાર્થીઓને ૨૪૯.૬૬ લાખની સાધન-સહાય, ચેકનું હાથોહાથ વિતરણ કરવામાં આવ્યું છે.

## સે-૨૯માં જલારામ મંદિરે ૨૭મીથી શ્રીમદ્ ભાગવત્ કથા

ગાંધીનગર, તા.૨૫

શ્રી જલારામ મંદિર સભાખંડ સેકટર-૨૯માં તા. ૨૭મી ઓગષ્ટે વિખ્યાત કથાકાર શ્રધ્ધેય શ્રી કર્ણવભાઈ જોષીની વ્યાસપીઠે શ્રીમદ્ ભાગવત સપ્તાહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જેનું આયોજન શ્રી જલારામ ભક્ત મંડળ દ્વારા અતિ પવિત્ર અને અધિક ફળદાયી એવા અધિક માસમાં તા. ૨૭ ઓગષ્ટે તા. ૨૭ સપ્ટેમ્બરે બપોરે યોજેલ છે.

આ કથાની પોથીયાત્રા તા. ૨૭મી ઓગષ્ટના રોજ બપોરે નિયત માર્ગ પ્રસ્થાન કરી કથા સ્થળે પહોંચશે.

વ્યાસપીઠ પર નાની ઉંમરનાં કથાકાર શ્રી કર્ણવભાઈ જોષી અનોખી શૈલીમાં શ્રીમદ્ ભાગવત કથાનું રસપાન કરાવશે. કપિલ જન્મોત્સવ, સાંખ્યદર્શન, નૃસિંહ પ્રાગ્ટ્ય તથા ઝાંખી દર્શન, હરિશરણ મનોરમા વામન પ્રાગ્ટય, રામ જન્મોત્સવ, કૃષ્ણ જન્મોત્સવ ઝાંખી દર્શન કરાવશે.

## ગાંધીનરમાં ૪૩મો ગણેશોત્સવ ૧૯મી સપ્ટેમ્બર આરંભાશે

ગાંધીનગર, તા. ૨૫

શ્રી સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ, ગાંધીનગર ૪૩મું પર્વ સેકટર-૨૨ રંગમંચ ગાંધીનગર ખાતે તા. ૧૯મી સપ્ટેમ્બરથી ૨૫મી સપ્ટેમ્બર સુધી ગણેશોત્સવ પર્વની ઉજવણી કરનાર છે. હિન્દી ફિલ્મી ગીત સંગીત, શ્રેષ્ઠ ગાયન સ્પર્ધા, ગણેશોત્સવ-૨૦૧૨ રાખવામાં આવેલ છે. સ્પર્ધા ત્રણ ગ્રુપમાં રાખેલ છે. (અ) વિભાગમાં ૫ થી ૧૫ એમ (બ) ૧૬ થી ૪૦ વર્ષ (ક) વિભાગમાં ૪૧ થી ઉપરનાં સ્પર્ધકો રાખેલ છે. આ અંગેના ફોર્મ ૧૦મી સપ્ટેમ્બર સુધીમાં ભરી પરત કરવાનાં રહેશે.

(૧) નંદકિશોર ખોવકર સેકટર-૭બી, પ્લોટ નં. ૭૩૫/૧, ૨૩૨૨૮૧૧૬, (૨) શ્રી પ્રેમ રાજપૂત, સેકટર-૮બી, ૪૨૭/૨ ગીતાંજલિ પાર્ક, ફોન. ૨૩૨૩૬૭૭૮ (૩) મિનાક્ષી એન્ટરપ્રાઈઝ - ૩૮૧, સેકટર-૧૬ , તૃપ્તિ આઈસ્ક્રીમની બાજુમાં, ૨૩૨૩૩૩૯૯. આ અંગેનું ઓડીશન ૧૬મી સપ્ટેમ્બરે બપોરે મહારાષ્ટ્ર સમાજ ભવન સેકટર-૨૧માં રાખેલ છે. શ્રી સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ, ગાંધીનગરના મહામંત્રી શ્રી પ્રવિણભાઈ બાલપાંડે જણોવલ છે.

## સે. ૬/સી ખાતે વિશિષ્ઠ પ્રકારનો મહાભજન સંધ્યા કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૫

ભુવનેશ્વરી સોસાયટી વસાહત મંડળ સેકટર ૬-સી દ્વારા તા. ૨૬ ઑગસ્ટ, રવિવારે રાત્રે ૯થી ૧૨ એક વિશિષ્ઠ પ્રકારનો ભજન સંધ્યા કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. નવરાત્રિ ચોક સેકટર-૬-સી માં યોજાનાર આ મહાભજન સંધ્યામાં નારગામના ભજન મંડળના ભક્તો અલગ અલગ વેશભૂષામાં વિશિષ્ઠ રીતે ભજનોની રમઝટ બોલાવશે. આ પ્રકારના ભજનો ગાંધીનગર ખાતે પ્રથમવાર યોજાઈ રહ્યા હોવાથી સર્વે ભાવિક ભક્તોને લાભ લેવા વિનંતી છે.

# સેક્ટર-૩૦માંથી વધુ એક ડેન્ગ્યુનો કેસ મળી આવ્યો

## દર્દીને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર શહેરના સેક્ટર-૩૦માંથી વધુ એક ડેન્ગ્યુ પોઝીટીવનો કેસ મળી આવ્યો છે. ચંદ્રોદય એપાર્ટમેન્ટમાંથી મળી આવેલ આ કેસને લઈ તંત્ર પણ હચમચી જવા પામેલ છે. આ એપાર્ટમેન્ટમાં અગાઉ પણ કેસ નોંધાયા હતા.

મળતી વિગતો પ્રમાણે આ દર્દી કોલેજનો વિદ્યાર્થી છે અને તેને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. જ્યાં આ દર્દીની તબિયત સુધારા પર હોવાનું જાણવા મળેલ છે.

સેક્ટર-૩૦માં પાણી ભરાઈ રહેવાની સમસ્યા જુની છે અને આ સેક્ટરમાં મચ્છરોની ઉત્પત્તિ પણ વધુ પ્રમાણમાં જણાતી હોવાની વસાહતીઓની ફરિયાદ છે.

મળતી વિગતો પ્રમાણે સે. ૩૦માં ડેન્ગ્યુનો આ પાંચમો કેસ મળી આવ્યો છે. આ પાંચેય વિદ્યાર્થીઓ છે. આ સેક્ટરમાં તાજેતરમાં ચાર વિદ્યાર્થીઓને ડેન્ગ્યુ થયાના અહેવાલો પણ અખબારમાં આવ્યા હતા. આ પછી આ સેક્ટરમાંથી વધુ એક કેસ મળી આવતાં તંત્ર હચમચી જવા પામ્યુ છે. આ સેક્ટરમાં એન્ટી લારવેલની કામગીરી ગત સપ્તાહે જ કરાઈ હતી જે ઉલ્લેખનીય છે.



ગુજરાત વિધાનસભાની આવી રહેલી ચૂંટણીઓની કવાયત રાજકીય પક્ષોએ હાથ ધરી છે. આજે ગાંધીનગરમાં રાજયના મુખ્ય બે રાજકીય પક્ષો કોંગ્રેસ અને ભાજપની બેઠકો મળી હતી. સ્ટાફ ટ્રેનીંગ કૉલેજ ખાતે ભાજપની બેઠકમાં પ્રદેશના નેતાઓએ ઉપસ્થિત રહી માર્ગદર્શન આપ્યું હતું. (તસવીર : દિપક જાની)

# ત્રીજા મોરચાને સ્વીકારવા માટે પ્રજાએ મન બનાવી લીધું છે : બાપા

ગાંધીનગર, તા.૨૫

ભાજપ અને કોંગ્રેસ બંને પક્ષોને હવે ગુજરાતની પ્રજા ઈચ્છતી નથી અને એટલા માટે પ્રજાએ ગુજરાતમાં ત્રીજા મોરચા તરીકે ગુજરાત પરિવર્તન પાર્ટીને સ્વીકારવાનું મન પ્રજાએ બનાવી લીધું છે એમ ગુજરાત પરિવર્તન પાર્ટીના અધ્યક્ષ કેશુબાપાએ જણાવ્યું હતું.

આજે પત્રકારો સાથેની અનૌપચારિક વાતચીતમાં ગુજરાતમાં ત્રીજા મોરચાની સફળતા અંગે પૂછાયેલા એક પ્રશ્નના ઉત્તરમાં બાપાએ જણાવ્યું હતું કે ગુજરાતની વર્તમાન ભાજપ સરકારથી પ્રજા ત્રસ્ત છે અને તેને પડતી હાડમારીઓને કારણે ગુજરાતની પ્રજા હવે ભાજપ અને કોંગ્રેસને ઈચ્છતી નથી. અને એટલા માટે ત્રીજા મોરચાને સ્વીકારવા માટે પ્રજાએ મન બનાવી લીધું છે. આથી ગુજરાતમાં આગામી ચૂંટણીમાં ગુજરાત પરિવર્તન પાર્ટી થર્ડ ફ્રન્ટ તરીકે ઉભરીને આવશે.

તેમણે જણાવ્યું હતું કે ભાજપ અને કોંગ્રેસના કેટલાક કાર્યકરો અને આગેવાનોનો ગુજરાત પરિવર્તન પાર્ટીમાં જોડાવા માટેનો ભારે ધસારો છે. અમારા પ્રત્યે લાગણીનો ધોધ વહી રહ્યો છે. મોટી સંખ્યામાં લોકો અમને મળીને તેમની વ્યથા સંભળાવીને અમારી સાથે જોડાઈ રહ્યા છે.

ગુજરાતમાં ભાજપના કાર્યકરોનું મોરલ ડાઉન થઈ ગયું છે એમ જણાવીને તેમણે જણાવ્યું હતું કે નારાજ લોકો પણ પરિવર્તન પાર્ટીમાં જોડાઈ રહ્યા છે.

# આજે સંસ્કાર ગૃપની જન્મ જયંતિ ઉજવાશે

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર શહેરમાં છેલ્લા આઠ વર્ષથી બાળકોના નૈતિક વિકાસમાં કાર્ય કરતી સંસ્કાર ગૃપ ચેરીટેબલ ટ્રસ્ટની આજે જન્મ જયંતિ હોવાથી વરુણ દેવની પ્રાર્થના, વૃક્ષ દેવની પૂજા અને સ્વામી વિવેકાનંદના જીવન પ્રસંગોની રજૂઆત કરતો કાર્યક્રમ આજે સેક્ટર-૭ના બગીચે સાંજે ૫.૪૫ થી ૭ વાગ્યા દરમિયાન યોજાશે.

સંસ્કાર ગૃપના પ્રમુખ તુષારભાઈ દવેએ જણાવ્યું છે કે, સંસ્કાર ગૃપના આઠ વર્ષ પૂર્ણ થતા અને ૯મા વર્ષમાં પ્રવેશ થતા ગૃપના બાળકો અને સભ્યો દ્વારા વિશિષ્ટ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે હાજર રહેનાર સભ્યો અને બાળકોને ગૃપ દ્વારા મોં મીઠુ કરાવવામાં આવશે. સમગ્ર ગાંધીનગર શહેરમાં વરસાદ હાથતાળી આપીને જતો રહે છે ત્યારે વરુણ દેવની પ્રાર્થના બાળકો અને સભ્યો સાથે કરવામાં આવશે. વૃક્ષો માનવ જીવનમાં ખૂબજ ઉપયોગી છે. સાંપ્રત સમયમાં વૃક્ષને દેવતા તરીકે પૂજવા એ પણ એક શ્રદ્ધા અને આસ્થાનો વિષય છે ત્યારે સંસ્કાર ગૃપના સભ્યો અને બાળકો આ પ્રસંગે વૃક્ષ દેવતાની પૂજા અર્ચના કરશે. તથા સ્વામી વિવેકાનંદજીની ૧૫૦મી જન્મ જયંતિ નિમિત્તે આદર્શ સંત સ્વામી વિવેકાનંદના જીવન પ્રસંગોને રજૂ કરવામાં આવશે. સ્વામી વિવેકાનંદજીના જીવનમાં જીવ, જગત અને ધર્મનું અનેરૂ મહત્વ રહ્યું છે અને તેના આધારે તેમણે ખૂબ જ સકારાત્મક જીવન જીવ્યા છે. આવા વીર સંતોના જીવન પ્રસંગોથી બાળકોને પણ કંઈક નવું કરવાની દિશા સૂઝે છે. વિવેકાનંદજીના જીવન પ્રસંગોના દૃષ્ટાંતો આ પ્રસંગે રજૂ કરી સંસ્કાર ગૃપની જન્મ જયંતિને ઉજવવામાં આવશે.

## માણસામાં ગુરૂવારે ખેડૂત સંમેલન યોજાશે

ગાંધીનગર જિલ્લાના માણસા ખાતે આગામી ગુરૂવારના રોજ ખેડૂતોનું એક સંમેલન યોજાશે. ગુજરાત ખેડૂત હિતરક્ષક સમિતિના ઉપક્રમે યોજાયેલ આ સંમેલન કડવા પાટીદાર વાડી ખાતે મળશે. જેમાં ખેડૂતોના પડતર પ્રશ્નો અંગે ચર્ચા વિચારણા કરી અને આંદોલનત્મક કાર્યક્રમો ઘડી કાઢવામાં આવશે. પ્રાપ્ત થતી વિગતો મુજબ આ સંમેલનમાં ૭૦ જેટલા ગામોના પાંચ હજારથી પણ વધુ ખેડૂતો ઉપસ્થિત રહેનાર છે. જેમાં વીજબિલ માફ કરવા, મીટર પ્રથા બંધ કરવા, ખાતર અને દવાઓ પર સબસીડી સરકારે આપવી જોઈએ તે શહિતના ૧ ૨ થી વધુ પ્રશ્નો પર ચર્ચા-વિચારણા કરવામાં આવનાર છે.

## વિધાનસભા માટે કોંગ્રેસના ઉમેદવારોની પસંદગી કરવા હાઈકમાન્ડને સત્તા

ગાંધીનગર, તા. ૨૫

કોંગ્રેસ પક્ષની આગામી વિધાનસભાના ઉમેદવારો માટે પ્રદેશ ચૂંટણી સમિતિની પ્રથમ બેઠક આજરોજ ગાંધીનગર ખાતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી અર્જુનભાઈ મોઢવાડીયાના અધ્યક્ષસ્થાને મળી હતી. અખિલ ભારતીય કોંગ્રેસ કાર્યકારીણીના સભ્ય અને ગુજરાતના પ્રભારીશ્રી મોહન પ્રકાશજી અને સહપ્રભારી અશોક તંવરજી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ ચૂંટણી સમિતિની પ્રથમ બેઠકમાં ૧૮૨ વિધાનસભા બેઠક માટે નિયુક્ત નિરીક્ષકશ્રીઓ દ્વારા આપવામાં આવેલ અહેવાલની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. બેઠકમાં શક્તિસિંહજી ગોહિલ, શ્રી શંકરસિંહજી વાઘેલા સહિત કેન્દ્રિય મંત્રીશ્રીઓ અને ચૂંટણી સમિતિના સભ્યશ્રીઓની ઉપસ્થિતિમાં બે ઠરાવ કરવામાં આવ્યા હતા.

પ્રદેશ ચૂંટણી સમિતિની પ્રથમ બેઠકમાં નિરીક્ષકશ્રીઓના અહેવાલ અન્વયે ભલામણ કરવામાં આવેલ તમામ નામો હાઈકમાન્ડને સૂચવવામાં આવ્યા છે અને આ બેઠકમાં આગામી વિધાનસભામાં ૧૮૨ વિધાનસભા બેઠકો માટેના ઉમેદવારોની પસંદગીની સત્તા શ્રીમતી સોનિયા ગાંધીને સોંપવાનું નક્કી કરવામાં આવેલ છે. પ્રદેશ ચૂંટણી સમિતિએ ઉમેદવારોની રજૂઆત માટેનો તબક્કો પૂર્ણ કર્યો છે. જે ઉમેદવારોએ ચૂંટણી લડવાની ઈચ્છા વ્યક્ત કરી છે. ઉમેદવારો પોતાના ધારાસભા મતક્ષેત્રમાં બુથ કમિટીની રચના, પક્ષના કાર્યક્રમોમાં આગામી ૩૦ દિવસ કામગીરી કરશે. કરવામાં આવેલ કામગીરીનું નિરીક્ષણ કરીને કામગીરીનો અહેવાલ મેળવાશે.

## આજે ગુજરાતી દલિત કવિતા વિશે વક્તવ્ય યોજાશે

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગરના દલિત સાહિત્યકારો અને ભાવકોની માસિક બેઠક આજે સેકટર-૧૨, ડૉ. આંબેડકર ભવન, સેમિનાર ખંડ ખાતે યોજાશે. જેમાં ગુજરાતી દલિત કવિતા કાવ્યસંચય વિશે ડૉ. હાસ્યદા પંડ્યાનું વક્તવ્ય યોજાશે.

મુંબઈ સાહિત્ય અકાદમી દ્વારા પ્રકાશિત અને ડૉ. નીરવ પટેલ દ્વારા સંપાદિત કાવ્ય સંચય 'ગુજરાતી દલિત કવિતા' વિશે માણસા આર્ટસ કોલેજના આચાર્યા ડૉ. હાસ્યદા પંડ્યાનું વક્તવ્ય આજે સેમિનાર ખંડ, ડૉ આંબેડકર ભવન, સેક્ટર-૧૨, ગાંધીનગર ખાતે સાંજે ૫ કલાકે યોજાશે. દલિત અધિકારના પ્રમુખ ચંદુ મહેરિયાએ આ પ્રસંગે ભાવકો અને સાહિત્યકારોને સમયસર ઉપસ્થિત રહેવા ખાસ જણાવ્યું છે.

## આજે લોહાણા યુવા સંગઠનની વાર્ષિક સામાન્યસભા મળશે

ગાંધીનગર, તા ૨૫

લોહાણા યુવા સંગઠન ગાંધીનગરની વાર્ષિક સામાન્ય સભા તા. ૨૬મી ઑગસ્ટના રવિવારે બપોરે ૩.૦૦ કલાકે જલારામ ધામ, સેકટર-૨૯ ખાતે યોજવામાં આવેલ છે. સંસ્થાના સભ્યોએ હાજર રહેવા મંત્રી વિનોદભાઈ વી. ઉદેચાએ જણાવેલ છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૦

સૂર્યાસ્ત : ૭.૦૫

## તાપમાન

મહત્તમ : ૨૯.૨ ડિ.સે.

લઘુત્તમ : ૨૬.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૮૧ ટકા ● સાંજે ૭૭ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
એક થા ટાઈગર : ૯.૩૦, ૧૨.૦૦, ૨.૩૦, ૫.૧૫, ૭.૪૫, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ : ધ એક્ષપન્ડેબલ-૨ (હિન્દી) : ૧૦.૩૦, ૩.૦૦
ધ એક્ષપન્ડેબલ-૨ (અંગ્રેજી) : ૮.૦૦
શીરીન ફરાહદ કી તો નિકલ પડી : ૧૨.૩૦, ૫.૩૦, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :
ધ એક્ષપન્ડેબલ-૨ (હિન્દી) : ૧૨.૩૦, ૫.૩૦, ૧૦.૩૦
શીરીન ફરાહદ કી તો નિકલ પડી : ૩.૧૫, ૮.૧૫

: સ્ક્રીન-૪ : એક થા ટાઈગર : ૧૦.૦૦, ૪.૩૦
શીરીન ફરહાદ કી તો નિકલ પડી : ૨.૩૦, ૭.૩૦
ગેન્સ ઓફ વાસેપુર -૨ : ૧૦.૦૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ધ એક્ષપન્ડેબલ-૨ (હિન્દી) : ૧૦.૪૫, ૧.૧૫, ૩.૪૫, ૬.૧૫, ૮.૪૫, ૧૧.૦૦

: સ્ક્રીન-૨ :
શીરીન ફરાહદ કી તો નિકલ પડી : ૧૦.૩૦, ૧.૦૦, ૩.૩૦, ૬.૦૦, ૮.૩૦, ૧૦.૪૫

: સ્ક્રીન-૩ :
એક થા ટાઈગર : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૪ :
એક થા ટાઈગર : ૯.૦૦, ૧૧.૩૦, ૨.૦૦, ૪.૩૦, ૭.૦૦, ૯.૩૦

### સૂર્યા, વાવોલ

એક થા ટાઈગર : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ઈન્સ્પેક્ટર અર્જુન : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
એક થા ટાઈગર : ૧૦.૩૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૧૦

: સ્ક્રીન-૨ :
એક થા ટાઈગર : ૧૨.૧૫, ૩.૦૦, ૬.૦૦, ૯.૩૦

: સ્ક્રીન-૩ :
શીરીન ફરાહદ કી નિકલ પડી : ૧૦.૩૦,૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.,

### ધાર્મિક

- પુરૂષોત્તમ માસ નિમિત્તે શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી, સેકટર-૨૧,ખાતે હિંડોળામાં ગંગાદશહરા અને શૃંગારમાં ચાંદીના પલના.
- શ્રી રામજી મંદિર વાવોલ દ્વારા અધિક પુરૂષોતમ માસ નિમિતે પ.પૂ. મહંત મધુસુદન બાપુના વ્યાસપીઠેથી અધિક પુરૂષોતમ માસની કથા તથા શ્રી કૃષ્ણ કથા બપોરે ૩.૩૦ કલાકે.
- શ્રી શિવશક્તિ મંદિર, સેકટર-૨૩ ખાતે પ્રજ્ઞા પુત્રી પ્રફુલ્લાબેન ઠક્કર દ્વારા પ્રજ્ઞા પુરાણ કથા બપોરે ૨.૩૦ કલાકે.

## આપની આજ

**મેષ** : કુટુંબના કોઈ વ્યક્તિથી વિવાદ ન થાય તે જોવું. વ્યપારની બાબતમાં યોગ્ય નિર્ણય ન લેવાથી હાનિ થઈ શકે છે. વિષમ પરિસ્થિતિમાં પણ ધૈર્ય બનાવી રાખવું પડશે.

**વૃષભ** : કુટુંબીજનો અને મિત્રોના સાથ સહકારથી દિવસ ઉત્સાહપૂર્વક પસાર થશે. નોકરી- વ્યવસાયક્ષેત્રમાં તમારા પ્રયાસોની લોકો પ્રશંસા કરશે.

**મિથુન** : જ્ઞાન, શિક્ષા, સંશોધન વગેરે પર સમયનો વિશેષ વ્યય ન થાય તેની કાળજી રાખવી. કર્મક્ષેત્રના પ્રભાવથી આપના કાર્યમાં સફળતા પ્રાપ્તિનો યોગ, સન્માન અને ઉપલબ્ધિ પ્રાપ્તિનો યોગ બની રહ્યો છે.

**કર્ક** : ભાગીદારીમાં તમને લાભ થવાની સંભાવના વધુ રહેલી છે. આળસનો ત્યાગ કરી આગળ વધો. રોકાયેલા નાણાં મળી શકે છે.

**સિંહ** : જૂના સંબંધોમાં આપને યશ પ્રાપ્તિની વૃદ્ધિ થઈ શકે છે. જીવનસાથી સાથે વ્યવહારમાં અનુકૂળતા રહેશે. કુટુંબમાં વેપાર અથવા નોકરીને કારણે અસંતોષ રહી શકે છે.

**કન્યા** : આયોજનપૂર્વક કરેલ કાર્ય કરવાથી લાભ પ્રાપ્ત થઈ શકશે. વ્યક્તિગત સમસ્યાઓ રહી શકે છે. વ્યાપાર- વ્યવસાયમાં લાભ પ્રાપ્તિનો યોગ.

**તુલા** : આપનામાં રહેલી દૂરદર્શિતા તેમજ બુદ્ધિ ચાતુર્યથી મુશ્કેલીઓ દૂર થઈ શકે છે. વ્યવસાયમાં સફળતા પ્રાપ્ત થવાની સંભાવના છે. ઈશ્વરમાં આસ્થાનો વધારો થશે.

**વૃશ્ચિક** : વ્યાપાર-વ્યવસાયમાં કામકાજના વિસ્તારમાં વધારો થવાની સંભાવના રહેલી છે. આરોગ્ય પ્રત્યે લાપરવા ન રહેવું. કુટુંબનાં સહયોગથી દિવસ પ્રસન્નતાપૂર્વક પસાર થશે.

**ધન** : આપના પિતાના લક્ષ્યને ધ્યાનમાં રાખીને કાર્ય કરશો તો સફળતા મળવાની સંભાવના વધુ રહેલી છે. વરિષ્ટ લોકોથી મેળ-મિલાપ વધશે. સંતાન સંબંધી કાર્ય થશે.

**મકર** : આપને માનસિક સંતોષ અને પ્રસન્નતા રહેશે. સંતાન સંબંધી પ્રશ્નોનું નિરાકરણ આવી શકશે અને સંતાનની પ્રગતિના સમાચાર પ્રાપ્ત થઈ શકે છે.

**કુંભ** : જમીન- મકાન- સંપતિની ખરીદારીમાં લાભ પ્રાપ્ત થશે. નવા વિચાર અથવા યોજના પર ચર્ચા થઈ શકશે. સમાજ અને રાજકારણમાં ખ્યાતિમાં અભિવૃદ્ધિ થશે.

**મીન** : સંતાન સંબંધી પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે. વ્યાપાર- વ્યવસાયક્ષેત્રે નવી યોજનાઓ સાકાર થતી જણાય. વિશેષ યાત્રા-પ્રવાસનો યોગ બની રહ્યો છે.

## ચિરવિદાય

- સ્વ.જગમાલભાઈ શક્કરભાઈ રબારી (ઉ.વ.૭૫) ગામ-પાલજ, રબારી વાસ, તા.જી. ગાંધીનગર.